Extra No. 393

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, NOVEMBER 6, 2025 / KARTIKA 15, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું /

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના (પત્ર) જા.નં. પીબી/૪૮૭૪/સને ૨૦૨૫, તા.૧૩/૧૦/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૧૨૪૩૫ થી ૧૨૪૭૨/૨૦૨૫, તા.૦૧/૧૧/૨૦૨૫

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૫૦૪૦/સને ૨૦૨૫, તા. ૦૪/૧૧/૨૦૨૫

(૪) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૩૧૫૧ થી ૧૩૧૮૮ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણ-(૧)ના પત્રથી જણાવ્યા મુજબ મોવી-દેડીયાપાડા રોડ (એસ.એચ.-૧૬૦)ની ચેઈનેજ કિ.મી. ૦/૯૦૦ થી ૧/૦૦ પર આવેલ તૂટી ગયેલ માઈનોર બ્રીજના સ્થાને નવા હાઈ લેવલ બ્રીજના બાંધકામની કામગીરી શરૂ થયેલ હોય અને સદર રસ્તાના વાઈડનીંગ અને મજબૂતીકરણનું કામ મંજૂર થયેલ હોય ટૂંક સમયમાં સદરહુ રસ્તાની કામગીરી શરૂ થનાર છે. સદરહુ બ્રીજ પર હાલ ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, ટ્રક, મલ્ટી એક્સેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે)નો વાહનવ્યવહાર શક્ય ન હોઈ, સદરહુ રસ્તા પર હેવી લોડેડ વીહીકલ્સના વાહનવ્યવહારને તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી પ્રતિબંધિત કરી, ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે અત્રેથી વંચાણ-(૨)ના જાહેરનામાથી સદરહુ રસ્તા પરથી હેવી લોડેડ વીહીકલ્સનો વાહનવ્યવહાર ડાયવર્ટ કરવામાં આવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણ-(૩)ના પત્રથી સદરહુ બાબતે સુધારા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ સુધારા જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ -૩૩(૧)(બી) તથા વંચાણ-(૩)થી મળેલ સત્તાની રૂએ મોવી-દેડીયાપાડા રોડ (એસ.એચ.-૧૬૦), ભાર વાહક મોટા ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ અને મલ્ટી-એક્ષેલ વાહનો માટે તા.૩૧/૦૫/૨૦૨૬ સુધી બંધ કરી, સદરહુ વાહનો માટે નીચે મુજબ રૂટ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટ્રાફિક ડાયવર્ઝનની વિગત

દેડીયાપાડાથી રાજપીપળા તરફ જતાં ભાર વાહક મોટા ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ અને મલ્ટી-એક્ષેલ વાહનો દેડીયાપાડા-નિવાલ્દા-નિંગટ-નવાગામ-ખેડીપાડા-કેવડી-ફૂલવાડી-નેત્રંગ-મોવી થઈ રાજપીપળા તરફ જઈ શકશે.

રાજપીપળાથી દેડીયાપાડા તરફ જતાં ભાર વાહક મોટા ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ અને મલ્ટી-એક્ષેલ વાહનો મોવી-નેત્રંગ-ફૂલવાડી-કેવડી-ખેડીપાડા-નવાગામ-નિંગટ-નિવાલ્દા થઈ દેડીયાપાડા તરફ જઈ શકશે.

સદરહુ રસ્તો ભાર વાહક મોટા ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ અને મલ્ટી-એક્ષેલ વાહનો માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

નર્મદા-રાજપીપળા, તા.૦૬-૧૧-૨૦૨૫.

સી.કે.ઉંધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 16:36:22 IST